## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે "રાષ્ટ્રીય કિસાન દિવસ" ની ઉજવણી કરાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તથા બાગાયત ખાતુ, આણંદના સંયુક્ત ઉપક્રમે તા.૨૩.૧૨.૨૦૨૨ના રોજ સોજીત્રા તાલુકાના રૂણજ ગામ ખાતે "રાષ્ટ્રીય કિસાન દિવસ" માન. કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયા માર્ગદર્શન હેઠળ ઉજવવામાં આવ્યો હતો, જેમાં કુલ ૪૬ ખેડૂત ભાઇઓ હાજર રહ્યા હતા. સદર કાર્યક્રમમાં ડૉ. સ્મિતાબેન પિલ્લઇ, નાયબ બાગાયત નિયામકશ્રી, બાગાયત ખાતુ, આણંદ, શ્રી કિશનભાઇ ડાભી, બાગાયત અધિકારીશ્રી, બાગાયત ખાતુ, આણંદ, શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, સરપંચશ્રી, રૂણજ તેમજ અન્ય પ્રગતિશીલ ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી કિશનભાઇ ડાભી, બાગાયત અધિકારીશ્રી દ્વારા સર્વે ખેડૂતોનું સ્વાગત કર્યા બાદ પ્રાસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી ચૌધરી ચરણસિંહજી દ્વારા ખેડૂતોના હિત માટે થયેલ વિશિષ્ઠ યોગદાન તેમજ તેઓશ્રીના જન્મદિવસની સ્મૃતિમાં ઉજવવામાં આવતા કિસાન દિવસ અંતર્ગત માહિતી આપી હતી. વધુમાં તેઓએ ખેડૂત મિત્રોને પ્રાકૃતિક ખેતી અપનાવી ઉત્પાદન ખર્ચ ઘટાડવા તેમજ પાક ઉત્પાદનમાં ગુણવત્તા વધારી વધુ આવક મેળવવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ ડૉ. સ્મિતાબેન પિલ્લઇ, નાયબ બાગાયત નિયામકશ્રી, બાગાયત ખાતુ, આણંદ દ્વારા બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓ વિશે માહિતી આપી હતી. શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, સરપંચશ્રી દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવેલ.

પેટલાદ તાલુકાના ઇસરામા ગામ ખાતે પણ "રાષ્ટ્રીય કિસાન દિવસ" ઉજવવામાં આવ્યો હતો, જેમાં કુલ ૧૨૬ મહિલા ખેડૂતો હાજર રહ્યા હતા. સદર કાર્યક્રમમાં ડૉ. એસ. બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા સફળ પશુપાલન વિશે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી હતી સાથે સાથે તેઓ દ્વારા રાષ્ટ્રીય કિસાન દિવસ ઉજવણીનો હેતુ તથા ઉદ્દેશ વિશે ખેડૂતોને અવગત કરવામાં આવ્યા હતા. શ્રી કમલભાઇ ઠાકોર, બાગાયત અધિકારી, આણંદ દ્વારા બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓ વિશે માહિતી આપી હતી.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે ઉપસ્થિત ખેડૂતોએ માન. કૃષિ મંત્રી શ્રી, નરેન્દ્રસિંહ તોમર દ્વારા યુટ્યુબનાં માધ્યમથી કરવામાં આવેલ ખેડૂતલક્ષી સંબોધનને નિહાળ્યુ હતું.

## “કિસાન દિવસ” કાર્યક્રમની ઝાંખીઓ







